# કોણ છે તમારા પ્રેરણામૂર્તિ...?

**કેટલાંક લોકો ભીડમાં પણ પોતાની અલગ ઓળખ ઊભી કરે છે. તેઓની કઠોર પરિશ્રમ કરવાની ભાવના, લોકોને મદદ કરવા તત્પર રહેવાનો સ્વભાવ, તેમનો સકારાત્મક દૃષ્ટિકોણ, તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ. આ ગુણોને કારણે તે વ્યક્તિ બીજાને ઈમ્પ્રેસ્ડ કરી જતાં હોય છે. બીજા પર એક એવી અમીટ છાપ છોડી જાય છે કે તેમના ગુણોને અન્ય વ્યક્તિ પોતાના જીવનમાં ઊતારવા માંગતા હોય છે. અનંત અંબાણીનો અબોલ જીવો પ્રત્યેનો પ્રેમભાવનો ગુણ કેટલાંય લોકોને ઈમ્પ્રેસ્ડ કરી ગયો છે. અનંત અંબાણીનો દાખલો તો આખા દેશની વાત થઈ પણ આપણા સુરત શહેર, આપણા દક્ષિણ ગુજરાતમાં પણ એવી હસ્તીઓ છે કે જે બીજા માટે પ્રેરણાદાયક બન્યાં છે. ફિલ્મોની વાતો કરીએ તો પ્રતીક ગાંધી, નમિતા વાંકાવાલાએ પોતાના પરિશ્રમના જોર પર અભિનય ક્ષેત્રમાં ડંકો વગાડ્યો છે. તેમનાથી સુરતનાં ઘણા યુવાઓ પ્રેરિત થઈ રહ્યાં છે. કપડા, ડાયમંડ તથા બીજા ઉદ્યોગો અને સ્પોર્ટ્સ, ડાન્સ, આર્ટ ઉપરાંત બીજા અન્ય ક્ષેત્રોમાં આગવું સ્થાન ધરાવતા વ્યક્તિઓ પણ તેમનામાં રહેલા ગુણોથી સુરત અને તેની આસપાસના ક્ષેત્રોના લોકો માટે પ્રેરણા રૂપ છે. તેમનામાં રહેલા ગુણોથી સુરત અને તેની આસપાસનાં ક્ષેત્રનાં લોકો ઘણાં ઈમ્પ્રેસ્ડ થઈ રહ્યાં છે. જો કે, જરૂરી નથી કે કોઈ નામી હસ્તીથી જ પ્રેરિત થઈ જવાતું હોય પણ સ્કૂલના ટીચર કે સાથી મિત્ર કે પછી કોઈ ઓળખીતી પ્રામાણિક વ્યક્તિ, મદદની ભાવના ધરાવતી વ્યક્તિ, સત્યના માર્ગે ચાલતી અને મહેનતુ વ્યક્તિથી પણ ઈમ્પ્રેસ્ડ થઈ જવાતું હોય છે. તો ચાલો, આપણે અલગ અલગ ક્ષેત્રની સુરત અને દક્ષિણ ગુજરાતની કેટલીક વ્યક્તિઓને મળીએ અને જાણીએ કે તેઓ કઈ વ્યક્તિથી પ્રભાવિત છે. તેમને કઈ વ્યક્તિ પ્રભાવશાળી અને પ્રેરણાદાયક લાગે છે. એ વ્યક્તિના કયા પ્લસ પોઈન્ટ સ્પર્શી જાય છે. શું તેમના પોઝિટિવ ગુણોને પોતાના જીવનમાં ઊતારી રહ્યાં છે?**



## એક્ટર પ્રતીક ગાંધી, ન્યાયમૂર્તિ ડી.એ.દેસાઈ અને સુરતની બે સન્નારીઓ મારાં આદર્શ છે: હિરલ પાનવાળા ખજાનચી



42 વર્ષના હિરલ પાનવાળા ખજાનચીએ સુરતના ન્યાયજગતમાં સારી એવી નામના મેળવી છે. છેલ્લાં 12 વર્ષમાં તેમણે ફેમિલી અને વુમન રાઈટના ફિલ્ડમાં વધારે કામ અને નામ મેળવ્યું છે. વેસુમાં રહેતાં હિરલ પાનવાળા સુરતની ભૂમિમાં જન્મેલાં અને વિવિધ ક્ષેત્રોમાં પોતાના હાર્ડવર્ક અને જુસ્સાથી અલગ ઓળખ ઊભી કરનારાં ચાર નામી હસ્તી એક્ટર પ્રતીક ગાંધી, ન્યાયમૂર્તિ ડી.એ.દેસાઈ, ડો. મીનાબહેન વાંકાવાલા અને સોનલ બિયાણીથી ખાસ્સાં ઈમ્પ્રેસ્ડ છે. હિરલબહેને જણાવ્યું કે, પ્રતીક ગાંધી સુરતમાં નાટકોમાં કામ કરતા હતાં. તેમણે મિકેનિકલ એન્જિનિયરીંગની ડીગ્રી મેળવી અને એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. તેની સાથે પોતાના પેસન એટલે કે અભિનયને વળગી રહેવા તેઓ રાત્રે રિહર્સલ કરતાં. તેમની આ કઠોર મહેનત અને અભિનય માટેનો જુસ્સો આ બંને પોઇન્ટ મને પ્રભાવિત કરી જાય છે. હું પોતે પણ ખૂબ મહેનત કરું છું. મોહન કા મસાલા નાટક સુરતમાં ભજવાયું હતું ત્યારે હું તેમને મળી હતી. ન્યાયમૂર્તિ ડી.એ.દેસાઈ મારા માટે પ્રેરણામૂર્તિ છે. તેઓ સુરત અને સમગ્ર ગુજરાત માટે ગૌરવ સમાન વ્યક્તિત્વ છે. સુરતની ધરતી પરથી આગળ વધીને તેઓ ભારતના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બન્યા.તેમના ચુકાદાઓમાં માત્ર કાનૂની જ્ઞાન જ નહીં પરંતુ માનવતા અને સંવેદનશીલતા પણ સ્પષ્ટ દેખાય છે. તેઓ માનતા હતા કે કાયદો માત્ર નિયમોનો સમૂહ નથી, પરંતુ સામાન્ય માણસને ન્યાય અપાવવાનું સાધન છે. તેમનાં જીવન અને ન્યાયિક કારકિર્દીમાંથી હું ન્યાય પ્રત્યેની નિષ્ઠા, માનવતા અને સમાજ પ્રત્યેની જવાબદારી શીખું છું. ડો. મીના વાંકાવાળા એક પ્રતિભાશાળી ગાયનેકોલોજિસ્ટ હોવા સાથે અત્યંત મજબૂત મનોબળ અને દૃઢ નિશ્ચય ધરાવતી મહિલા છે. તેમની ફિટનેસ પ્રત્યેની શિસ્ત અને સમર્પણ ખરેખર પ્રેરણાદાયક છે. મારા માટે તેઓ માત્ર સફળ ડોક્ટર નથી, પરંતુ એવી રોલ મોડલ છે જેઓ અનેક મહિલાઓને પોતાનાં સપનાંઓને સાકાર કરવા માટેની પ્રેરણા આપી. હું સોનલ બિયાણી કે જેઓ કેરિયર ઇન્વેસ્ટમેન્ટ બેંકર છે. તેમનાથી પણ ખાસ્સી ઇમ્પ્રેસ્ડ છું. તેમણે 5 વર્ષ સુધી સ્ટેન્ડ અપ કોમેડી પણ કરી છે. તેમનું એક પોઝિટિવ પાસું એવું છે કે તેઓ સુરતમાં સૌથી નિયમિત બુક-ક્લબ ચલાવે છે. તેમનું બહુમુખી પ્રતિભાશાળી વ્યક્તિત્વ મને ઘણું આકર્ષક લાગે છે. તેઓનું મન પણ ખૂબ સુંદર છે.

## નીડરતા અને ઊંડાણપૂર્વકનું નોલેજ મેળવવાના ગુણો મને પ્રેરિત કરતી વ્યક્તિઓ પાસેથી મેળવ્યા: કૃષ્ણપ્રિયા સ્માર્ત



સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 37 વર્ષીય કૃષ્ણપ્રિયા સ્માર્ત આર્ટિસ્ટ પણ છે અને સ્કેટ કોલેજમાં પ્રોફેસર છે. તેમણે જણાવ્યું કે, મારા જીવનમાં એવી ચાર વ્યક્તિઓ કોઈ ને કોઈ રૂપે આવી અને મને પ્રેરિત કરી ગઈ. તેમાંથી બે પ્રેરણારૂપ વ્યક્તિઓ હયાત નથી પણ જે હયાત છે તેમાં વડોદરાના પ્રોફેસર દીપક કર્નલ કે જેઓ આર્ટ હિસ્ટોરિયન હોવાની સાથે શિલ્પકાર પણ છે. તેમનું ઇન્ડિયન આર્ટનું, ઇન્ડિયન હિસ્ટ્રીનું જે નોલેજ છે તે ઊંડાણપૂર્વકનું છે. તેમણે અજંતા ઇલોરા પર લખેલું પુસ્તક પબ્લિશ થયું છે. તેઓ મારા પ્રોફેસર હતા. તેમનું નોલેજ મને હમેશાં પ્રેરણા આપતું રહ્યું છે. દીપક સર મારા જીવનમાં હમેશાં ઇન્સ્પાયરિંગ વ્યક્તિ છે. તમે ફિલોસોફીની વાત કરો કે હિસ્ટ્રીની વાત કરો કે ઇન્ડિયન એસ્થેટિક્સની વાત કરો તો હંમેશા દીપક સરનું એ ફિલ્ડમાં ગહન નોલેજ રહ્યું છે. તેમનો એક પોઝીટીવ પોઇન્ટ એટલે વિદ્યાર્થીઓ સાથે તેમનું નોલેજ શેર કરવું અને ઊંડાણમાં ઊતરીને જે તે વિષયને સમજાવવું એ પ્રેરણાદાયક રહ્યું છે. હું પણ આર્ટ ફિલ્ડ સાથે જોડાયેલી છું એટલે હું માનું છું કે અગર આપણે કોઈને પ્રેરણારૂપ થઈ શકીએ કે આપણું નોલેજ આપણા સ્ટુડન્ટ સુધી પહોંચાડી શકીએ એ રીતે આપણે વિદ્યાર્થીઓના પ્રેરણારૂપ થવું જોઈએ. હું દીપક સર સાથે આજે પણ ટચમાં છું. મારા સબ્જેક્ટનો મને કોઈ પ્રશ્ન ઉદ્ભવે તો ફોન કરીને તેમનું ગાઈડન્સ લઉં છું. તેમની પાસેથી પોતાના ફિલ્ડ સાથે કનેક્ટ રહેવું જોઈએ અને કોઈ પણ વસ્તુને ઊંડાણપૂર્વક જાણવું અને સમજવું. તેમના આ ગુણો મેં મારા જીવનમાં ઊતાર્યા છે. મારા માટે લેખિકા હિમાંશી શેલત પણ પ્રેરણારૂપ રહ્યાં છે. એમનું વ્યક્તિત્વ જ મને સૌથી વધારે પ્રભાવિત કરે છે. જીવનમાં નિડર બની તમને ગમતી વસ્તુઓ કરવી, જીવનને જેવું છે તેવું એક્સેપ્ટ કરી અને આનંદથી જીવવું. વ્યક્તિવિકાસને મહત્ત્વ આપવું, નહીં કે જાતિવાદને. પ્રાણીઓને પણ પ્રેમ કરવો અને મદદ કરવી. કૃષ્ણપ્રિયાએ જણાવ્યું કે, મારું તેમને વારંવાર મળવાનું થતું હોય છે. તેઓ સરળ વ્યક્તિત્વવાળા છે અને બીજા લોકો જેવા છે તેને એક્સેપ્ટ કરવા આ તેમનો ગુણ દરેકે શીખવા જેવો છે.

## ડેપ્યુટી C.M. હર્ષ સંઘવી અને ગુજરાતી ભાષાનાં પ્રોફેસર ડૉ. શરીફા વીજળીવાળાથી પ્રભાવિત છું: ધ્વનિ ત્રિવેદી



ગુજરાતી ફિલ્મોમાં અભિનયનાં ઓજસ પાથરનારાં ધ્વનિ ત્રિવેદી ફિલ્મી દુનિયામાં પ્રવેશ કરવા માંગતાં સુરતી યુવા કલાકારો માટે પ્રેરણારૂપ છે. ધ્વનિ ત્રિવેદીને કાંઈક એવું લાગે છે કે આજનાં યુવાઓ ઘણું સારું કરી રહ્યાં છે, પણ એમાંનાં કેટલાંક ક્યાંક ને ક્યાંક તેમનો આર્થિક લાભ અને પબ્લિસિટી જોતાં હોય છે. સુરતના જુના સમયને જો પાછળ વળીને જોવામાં આવે તો એવાં કેટલાંય વિરલા હતાં જેમણે જે હિંમતપૂર્વક સમાજ સુધાર માટે કામ કર્યાં તે ખરેખર પ્રેરણાદાયક રહ્યાં છે. કવિ નર્મદ અને દુર્ગારામ મહેતા આ બંને સુરતના સપૂતોથી હું ઘણી ઇમ્પ્રેસ્ડ છું પણ અફસોસ એ છે કે હું એમના સમય પછી ઘણી મોડી જન્મી. બાલાજી રોડ વિસ્તારમાં રહેતાં 31 વર્ષીય ધ્વનિ ત્રિવેદીએ જણાવ્યું કે, આજના સમયની વાત કરવામાં આવે તો આપણા રાજ્યના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર હર્ષભાઈ સંઘવી નાના મુદ્દે પણ લોકો સાથે કનેક્ટ રહેવામાં અગ્રેસર રહ્યા છે. તેમને ઈમેલ પર પણ કોઇ બાબતની ફરિયાદ કરવામાં આવે તો તે ધ્યાને લે છે. કોઈ પણ નેતા શ્રેષ્ઠ ત્યારે બને કે જ્યારે લોકોનો અવાજ તે નેતા સુધી પહોંચે. આપણી ડે ટુ ડે ની તકલીફો સમજવાની કોશિશ કરે છે. હું ડો. શરીફા વીજળીવાળાથી પણ ઘણી ઇનસ્પાયર્ડ છું. તેમણે અદ્ભુત રીતે ગુજરાતી ભાષાને જાળવી છે અને તેનું સંવર્ધન કર્યું છે. ગુજરાતી ભાષાના વારસાનું ગૌરવ વધારતી કૃતિઓ આપી છે. તેઓ ગુજરાતી ભાષાનાં ઉમદા પ્રોફેસર છે અને હું પોતે ઈંગ્લીશ વિષય સાથે સંકળાયેલી છું એટલે ભાષાનાં પ્રોફેસર મને અલગ રીતે એટ્રેક્ટ કરતાં હોય છે. તેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના HOD ( હેડ ઓફ ડિપાર્ટમેન્ટ) હતા. તેમને ભાષાનું વિશદ જ્ઞાન હોવા છતાં તેઓ ખૂબ નમ્ર અને સાલસ વ્યક્તિત્વ ધરાવે છે. મને તેમનાં પુસ્તકો, ટૂંકી વાર્તાઓ વાંચવી ગમે છે. સામાન્ય ક્ષણોમાંથી સુંદરતા કેમ શોધવી તે તેમનું વાચન શીખવે છે.



## પ્રામાણિકતા, હિંમત અને કોઈ પણ એજમાં શીખવાની ધગશના ગુણો ધરાવતાં ચાર વ્યક્તિઓથી મેળવી પ્રેરણા: મયંક દેસાઈ



ઘોડદોડ વિસ્તારમાં રહેતા 53 વર્ષીય મયંક દેસાઈ 28 વર્ષથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે હું સુરતની ચાર વ્યક્તિઓથી ખાસ્સો પ્રભાવિત છું. CA આઈ. જી. દેસાઈ અત્યારે 93 વર્ષના છે. હું તેમને વર્ષોથી જાણું છું. તેઓ મારા ફાધરના પણ ગુરુ રહ્યા છે. તેઓ પ્રામાણિક અને નોલેજેબલ વ્યક્તિ છે. તેમની લોને જુદી રીતે જોવાની, તેમની સમજૂતી અલગ રીતે કરવાની મેથડ અને કલાયન્ટની ફેવરમાં જ કામ કરવાના તેમના ગુણોથી હું ખાસ્સો ઇમ્પ્રેસ છું. તેઓ સ્પષ્ટ વક્તા છે. કલાયન્ટની ફેવરમાં આર્ગ્યુમેન્ટ કરવાનો તેમનો ગુણ મેં મારા જીવનમાં ઊતાર્યા છે. ડો. નૈમેષ દેસાઈ ડોક્ટર તો છે સાથે સારા ક્રિકેટર છે. ઓનેસ્ટી અને હાર્ડ વર્કથી કામ કરવાનું તેમના આ ગુણોથી હું ખાસ્સો પ્રભાવિત છું. તેમનું ક્રિકેટ પ્રત્યેનું ડેડીકેશન મેં જોયું છે અને તેમના હાર્ડવર્કથી પણ હું સારી પેઠે માહિતગાર છું. ડો. ખ્યાતિ દેસાઈ શાહ ફિઝીયોથેરાપીસ્ટ છે. વર્ષોથી હું તેમના હિંમત નહીં હારવાના ગુણોથી સારી પેઠે પરિચિત છું. વર્ષો પહેલાં તેમના ફાધરનો એક્સિડન્ટ થયો હતો. તેમના ફાધર સર્જન હતા. તેમનો એક્સિડન્ટ થતાં હોસ્પિટલ બંધ કરવી પડી હતી. ફાધરને સાચવવા બે ફેમિલીને ટેકલ કરવી, બાળકનો ઉછેર કરવો અને પોતાની ફિઝીયોથેરાપીસ્ટ તરીકેની પ્રેક્ટિસ ચાલુ રાખવી. તેમની આ હિંમતને દાદ દેવી પડે. કોઈ પણ એજમાં મેચ્યોરિટીથી કામ કરી શકાય તેમનો આ ગુણ ઘણો પ્રેરણાદાયક રહ્યો છે. ડો. મીનાબહેન વાંકાવાળાએ મોટી એજમાં રનિંગ સ્ટાર્ટ કર્યું અને આયર્નમેનની સ્પર્ધા જીત્યા. કાંઈક નવું શીખવા માટે ઉંમર આડે નથી આવતી તે તેમણે પુરવાર કર્યું. તેમની આ હિંમત પણ કોઈને પણ પ્રેરિત કરી જાય તેવી છે.



## ડૉ. અનિલ પટેલ પાસેથી ડીસીપ્લીન અને ગિરીશ લુથરા પાસેથી બિઝનેસના પાઠ શીખ્યો: ડૉ. સમીર ગામી



કોવિડ સમયમાં ડો. સમીર ગામીનું નામ સુરતીઓના જીભે ચઢ્યું હતું. કોરોનાપીડિત દર્દીઓએ ડો. સમીર ગામી પાસેથી સારવાર મેળવી હતી. પાલ વિસ્તારમાં રહેતાં 46 વર્ષીય ડો. ગામી એલર્જી સ્પેશ્યાલિસ્ટ છે. તેમણે જણાવ્યું કે, હું મારા જીવનમાં બે વ્યક્તિઓથી ખૂબ ઇમ્પ્રેસ્ડ છું. જેમાં ચેસ્ટ ફિઝિશિયન ડો. અનિલ પટેલ અને ઉદ્યોગપતિ ગિરીશ લુથરા બંને મારા માટે આદર્શ છે. મેડિકલ ફિલ્ડમાં ડો અનિલ પટેલ બહુ સારું નામ ધરાવે છે. તેમના જીવનમાં નૈતિકતાનું ઘણું મહત્ત્વ રહ્યું છે. તેમણે દર્દીઓ પાસેથી ક્યારેય વધારે પૈસા નથી લીધા. ફાર્માસ્યુટિકલ પાસેથી ક્યારેય સ્પોન્સરશીપ પણ નથી લીધી. તેઓ ડીસીપ્લીન રહ્યા છે. તેમણે તેમના જુનિયર્સ માટે ઘણું કર્યું. તેમણે મને મેડિકલ ક્ષેત્રમાં ઘણું શીખવાડ્યું છે. પૈસા પાછળ ક્યારેય દોડવું નહીં અને પેશન્ટનું કેવી રીતે ધ્યાન રાખવું તે ગુણ હું તેમની પાસેથી શીખ્યો છું. હું સુરત આવ્યો હતો ત્યારે તેમને મળવા ગયો હતો. એ વખતે તેમણે મને પ્રેક્ટિસ કઈ રીતે શરૂ કરવી, માનવતાના ધોરણે પેશન્ટને કેવી રીતે જોવાં તેનું નોલેજ મને આપ્યું. ઉદ્યોગપતિ ગિરીશ લૂથરા મારા મેન્ટર રહ્યાં છે. મારું મહિને બે-ત્રણ વખત તેમને મળવાનું થાય. બિઝનેસ રિલેટેડ હું ઘણું બધું તેમની પાસેથી શીખ્યો છું. વર્ક અને લાઈફનું બેલેન્સ કઈ રીતે રાખવું તે પણ હું તેમની પાસેથી શીખ્યો છું.

## યઝદી કરંજીયાનું ડીસીપ્લીન, રૂપાબહેન મહેતાની સેવાભાવના, કિરણ સોનીની પ્રામાણિકતા હૃદયસ્પર્શી છે: કુકુલ તારમાસ્તર



અભિનયના ક્ષેત્રમાં મોટી નામના ધરાવતા 72 વર્ષીય કુકુલ તારમાસ્તર ભલે હવે નાટકોમાં એક્ટિવ નથી પણ હિન્દી-ગુજરાતી ફિલ્મો, વેબસિરિઝ, સિરિયલ્સમાં હજી અભિનયનાં ઓજસ પાથરી રહ્યા છે. વેસુ વિસ્તારમાં રહેતા કુકુલભાઈએ જણાવ્યું કે, મને પદ્મશ્રી યઝદી કરંજીયાનું ડીસીપ્લીન રહેવું, મહાવીર હાર્ટ હોસ્પિટલના ચેરમેન રૂપાબહેન મહેતાની દર્દીઓ પ્રત્યેની ભાવના અને મારી ઓફિસમાં કામ કરતી કિરણ સોનીની પ્રામાણિકતા હૃદયસ્પર્શી લાગે છે. યઝદી કરંજીયા સાથે તો મેં એક્ટિંગના 1000 શો કર્યા છે. નાટકમાં એક્ટિંગ અને કોમેડી શું કહેવાય તે હું તેમની પાસેથી શીખ્યો છું. જો કે, તેઓમાં રહેલું ડીસીપ્લીન હું નહીં શીખી શક્યો. હું છાપામાં કામ કરતો હતો ત્યારે રાતના બે-અઢી વાગ્યે ઘરે જતો ત્યારે મને રાતના આ સમયે તેઓ સાયકલ પર જતાં સામેથી દેખાતા. તેમનું ડીસીપ્લીન અવિરત રહ્યું છે તે મને ઘણું ઇમ્પ્રેસ્ડ કરે છે. રૂપાબહેન મહેતાની વાત કરું તો મને 2013માં એટેક આવ્યો હતો ત્યારે મારી એન્જીયોગ્રાફી ચાલતી હતી. મેં ડોકટરને કહ્યું હતું જે કરવું હોય તે જલ્દી કરો. મારે શૂટિંગમાં જવું છે ત્યારે રૂપાબહેને કહ્યું હતું શૂટિંગ પછી, પહેલાં બાયપાસ સર્જરી જરૂરી છે. તે કારણે હું આજે વ્યવસ્થિત જીવું છું. રૂપાબહેને સગરામપુરાની નાની મહાવીર હોસ્પિટલને મોટી મહાવીર હાર્ટ હોસ્પિટલ બનાવવાની જીદ કરી હતી. આજે આપણે મોટી મહાવીર હાર્ટ હોસ્પિટલ જોઈ રહ્યાં છીએ. સુરતમાં હોય ત્યારે રોજ હોસ્પિટલ જવું અને દર્દીઓના ખબરઅંતર પૂછતાં હોય છે. દર્દીઓ પ્રત્યેની તેમની આ સેવાભાવના હૃદયસ્પર્શી છે. કિરણ સોની કોઈ મોટું નામ નથી પણ તેની પ્રામાણિકતા હૃદયસ્પર્શી હતી. કિરણ મારી ઓફિસમાં જોબ કરતી. હું ઇવેન્ટનું કામ કરતો. તેમાં લાખો રૂપિયાની વ્યવહાર થાય પણ એક રૂપિયો આમથી તેમ નહીં થાય. તે કામની પણ પાવરફુલ. જે સમયે આવવાનું કહીએ તે સમયે આવી જ જતી. હું મુંબઈ રહેતો ત્યારે તે સુરતની ઓફિસ સાચવતી. તેની કામ પ્રત્યેની ધગશ પણ વખાણવાને લાયક હતી. આ બંને સન્નારીઓ માટે મને બહુ માન છે અને તેઓ પણ મારા આદર્શ રહ્યા છીએ.



**નામી હસ્તી કે મોટું નામ ધરાવનાર વ્યક્તિથી અંજાઈ જવાતું હોય છે. તેઓ પ્રેરકબળ બને છે એવું તો બહુ ઓછું બનતું હોય છે, પણ આપણી સાથે કામ કરનાર સાથી કર્મચારી, આપણા સ્કૂલ ટીચર, લોકોનું કરિયર બનાવવામાં મદદ કરનાર વ્યક્તિની પ્રામાણિકતા, તેની સમજાવવાની પદ્ધતિ, તેની સમયસર રહેવાની આદતથી જલ્દી પ્રભાવિત થઈ જવાતું હોય છે. એના માટે સમ્માનની લાગણી ઊભી થતી હોય છે. મનમાં થતું હોય છે કે, જો તે કરી શકે છે તો હું શું કામ ના કરી શકુંની ભાવના જાગી જતી હોય છે. દરેક વ્યક્તિ કોઈ ને કોઈ બીજી વ્યક્તિના ગુણોથી ઈમ્પ્રેસ્ડ થતી હોય છે.**

